ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(A Government of Gujarat Undertaking)
"જલસેવા ભવન" છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૯
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com Website : www.gwssb.org

મહેશ સિંહ, IFS
સભ્ય સચિવ

પરિપત્ર ક્રમાંકઃ એમએસ/પીએ/ ફળીયા યોજના/ ૬૦ /૨૦૧૫ તા. ૬.૦૨.૨૦૧૫

# પ રિ પ ત્ર

વાસ્મો દ્વારા ફેઝ-૧ અંતર્ગત આદિજાતી જીલ્લાઓ માં ૧૧૪૨ જેટલી ફળીયા યોજનાઓ માટે ટેન્ડર પ્રક્રિયા પુર્ણ કરી હાલ અમલીકરણની કાર્યવાહી હેઠળ છે. અગાઉ ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ મીકેનીકલ ને સીવીલ વિભાગ દ્વારા ઘણી ફળીયા યોજના (મીની સ્કીમો) બનાવવામાં આવેલ પરંતુ વ્યવસ્થિત મરામત અને નિભાવણી ના અભાવે ઘણી યોજનાઓ બંધ થઇ છે, ઉક્ત બાબતને ધ્યાને રાખીને વાસ્મો દ્વારા કરવામાં આવેલ ફેઝ-૧ અંતર્ગતની ફળીયા યોજનામાં પાંચ વર્ષની મરામત તથા નિભાવણીની કામગીરી ટેન્ડર અંતર્ગત એજન્સી દ્વારા કરવાની થાય તે રીતની જોગવાઇ કરવામાં આવેલ છે.વાસ્મો દ્વારા ફેઝ-૧ અંતર્ગત ની યોજનાના ટેન્ડર પ્રક્રિયામાં મુલ્યાંકન દરમ્યાન એવુ ધ્યાને આવેલ છે કે એજન્સી દ્વારા ભૌતિક કામગીરી ના ઘટકો માટે ઉંચા ભાવો જ્યારે મરામત અને નિભાવણીના ૯૦ ટકા સુધી નીચા ભાવો ભરેલ જે ભાવો ખરેખર મરામત અને નીભાવણી માટે વર્કેબલ જણાતા નથી. આથી, હવેથી બોર્ડ અથવા વાસ્મો દ્વારા ટેન્ડર પ્રક્રિયા અંતર્ગત મીની સ્કિમ (ફળીયા યોજના) માટે પ્રાઇઝબીડમાં એલ-૧ નક્કી કરતી વખતે ભૌતિક કામગીરીના ભાવોને ૮૦ ટકા ભારણ જ્યારે મરામત અને નિભાવણી ના ભાવોને ૨૦ ટકા ભારણ ના આધારે એલ૧ ની ગણતરીની પ્રક્રિયા કરવાનું નક્કી કરવામાં આવેછે. જે દરેક સંલગ્ન યુનિટ મેનેજરશ્રી તથા સંલગ્ન બોર્ડના અધિકારીને અમલવારી કરવા જાણ સારૂ.

( મહેશ સિંહ )
સભ્ય સચિવ

**નકલ રવાનાઃ**

- મુખ્ય ઇજનેરશ્રી, વાસ્મો ગાંધીનગર તરફ અમલીકરણ કરાવવા સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૧ અને ઝોન-૨ ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, તરફ અમલીકરણ કરાવવા સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી, યાંત્રિક ગુ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડ ગાંધીનગર તરફ જાણ સારૂ તથા અમલીકરણ કરાવવા સારૂ.

| મુ. ઇજનેર ઝોન-૨ | |
|---|---|
| ઇનવર્ડ ન. | |
| તારીખ | |
| મુ.ઇ.શ્રી | |
| કા.ઇ.શ્રી | |
| ના.મે. (લે) | |
| ના.કા.ઇ.શ્રી | |